Seat No. : ..................

[5]

No. of printed page : 02

# SARDAR PATEL UNIVERSITY

B.A. (Semester 5) Examination

Monday, 11 July 2022 (10.00 am to 12.00 pm)

UA05CGUJ24 : અપઠિત (Unseen)

કુલ ગુણ : 70

---

પ્રશ્ન-1 નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નના જવાબ આપો. (40)

(1) નીચેની પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો.

(૧) 'શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી

ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.'

(૨) 'જલી જાતી છોને- જીવન ધૂપસળી, મહેંકતી મહેંકતી આ.'

(2) નીચેની પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો.

(૧) 'છે માનવજીવનની ઘટમાળ એવી, દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

(૨) 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;

ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી.'

(3) નીચેના પરિચ્છેદનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરો.

" ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટેની કૂચ આરંભી ત્યારે આખા દેશની પ્રજામાં અન્યાય સામે ન્યાય બુદ્ધિથી ઊપજેલો ક્રોધ ફાટી નીકળ્યો. મનુષ્યોનો સાગર જેવો વિશાળ સમુદાય ઠેર ઠેર એમના સ્વાગત માટે ઊમટતો. અન્યાય અને જુલમની સામે અડગ રહેવાની આંતરિક શક્તિવાળા, ચુસ્તપણે શિસ્ત પાળનારા, પ્રાણ જાય તો ભલે જાય તેવી ભાવનાવાળા, થોડાક સત્યાગ્રહીઓને લઈને એ આગળ વધતા હતા. પ્રભાતના સમયે દેશ-પ્રેમનાં ગીતો ગાતાં ગાતાં અનેક લોકોના સરઘસો ગામેગામ નીકળતા હતાં. તે સમયે દેશપ્રેમનાં જલદ લખાણોવાળું એક છાપું છૂપી રીતે બહાર પાડવાની કામગીરી કવિશ્રી 'સ્નેહરશ્મિ' સંભાળતા હતા. દાંડીના દરિયાકિનારે મીઠું પકવવાની ક્યારીઓ સુધી પહોંચતા પહોંચતામાં તો સરકારના માણસો સત્યાગ્રહીઓ ઉપર છૂપો હુમલો કરશે એવી બધાંને બીક હતી, પણ કશી ફિકર રાખ્યા વિના માત્ર ઈશ્વરમાં અડગ અને અચળ વિશ્વાસના જોરે ગાંધીજી દાંડી પહોંચી ગયા. ખરું શું છે અને ખોટું શું છે તે સમજવાની



(P.T.O.)

શક્તિના અભાવવાળા, કોઈના દોરીસંચાર પ્રમાણે કામ કરવા ટેવાયેલા અને સરકારના તથા સત્તાના જોરે અભિમાન દાખવતા પોલીસોએ લાઠીઓના બેસુમાર મારનો વરસાદ વરસાવ્યો. કેટલાકે વતનને ખાતર પ્રાણની આહુતિ આપી હશે, છતાં આ બહાદુરોએ મીઠાનો કાયદો તોડ્યો જ. નમક સત્યાગ્રહ સમયના બધાં સ્મરણો ક્યારેય ભૂલી શકાય તેમ નથી."

(4) નીચેના પરિછેદનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરો.

" જીવનસૃષ્ટિમાં વિકસીને પ્રથમ આવેલ છે મનુષ્ય. અન્ય પ્રાણીઓના મુકાબલે અભિવ્યક્તિની પાંચ કલાઓ મનુષ્યે જ ખીલવી છે. એમાંય હેગલ જેને શ્રેષ્ઠ કળા કહે છે તે કવિતાની અભિવ્યક્તિનું માધ્યમ ભાષા મેળવીને મનુષ્યે બુદ્ધિચાતુર્યની પરાકાષ્ઠા સર કરી છે. સંવેદન-અભિવ્યક્તિને કારણે અને બુદ્ધિચાતુર્યને કારણે મનુષ્ય અન્ય જીવોથી નોખો પડે છે.

જીવનનિર્વાહ માટે આખો દિવસ શ્રમ કર્યા પછી હળવાશની પળ અનુભવવા, મન પ્રફુલિત કરવા કે પછી સમુહમિલનના ખ્યાલથી રાત ઢળ્યે બધાં ભેગા થઈ અનૌપચારિક મળતા હશે. એમાં કોઈનું ગાન, કોઈનું સંગીત, કોઈની વાર્તા, કોઈના ઉખાણા, કોઈના દુહા કાર્યક્રમનો ભાગ બનતા હશે; અને એ રીતે જે કંઈ ગવાયું કે કહેવાયું તે કોઈ એક વ્યક્તિની મૂડી ન બનતા સમૂહસર્જન બની જતું અનુભવાયું હશે. આમ લોકજીવનમાંથી સહજ પ્રગટતું, જનસમાજની વેદના અને ઉલ્લાસને ગાતું, લોક કંઠેથી આપોઆપ સરી જઈ કંઠોપકંઠ વહેતું, સચવાતું લોકસાહિત્ય એ લોકસંસ્કૃતિની સોડમ ધરાવે છે.લોકહૈયાનાં માર્મિક સંવેદનો લોકસાહિત્યમાં આકાર પામે છે.વ્યક્તિ નહિ પણ સમષ્ટિ તેના કેન્દ્રમાં હોય છે."

પ્રશ્ન-2 નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો. (30)

(1) નીચેના છંદ સદૃષ્ટાંત સમજાવો :

મંદાક્રાંતા, પૃથ્વી, હરિગીત

(2) નીચેના છંદ સદૃષ્ટાંત સમજાવો :

શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, ઝુલણા

(3) નીચેના અલંકાર સદૃષ્ટાંત સમજાવો :

વર્ણાનુપ્રાસ, ઉપમા, ઉત્પ્રેક્ષા

(4) નીચેના અલંકાર સદૃષ્ટાંત સમજાવો :

શબ્દાનુપ્રાસ, રૂપક, દૃષ્ટાંત

— * — * — * —